# બાળકની પ્રાર્થના



એક હતું ગામ. તેમાં ખ્રિસ્તી ધર્મના લોકો રહેતા હતા. ગામમાં તેમનું હતું. દેવળમાં રવિવારે સવારે પ્રાર્થના થાય, તેમનો ધર્મગોરૂ પાદરી કહેવાય. રવિવારનો દિવસ હતો.

દેવળમાં બધા સવારની પ્રાર્થના કરવા માટે ભેગાં થયા હતાં. એમાં એક પાંચ વરસનો બાળક હતો તે એક ખુણામાં ઉભો ઉભો આંખો મીંચીને પ્રભુની પ્રાર્થના કરતો હતો. પ્રાર્થનામાં એક બાળક એકાગ્ર થઈ ગયો હતો. પાદરીની નજર એ બાળક પર પડી આટલા નાના બાળકને આ રીતે પ્રાર્થનામાં તલ્લીન જોઈને પાદરીને બહુજ નવાઈ લાગી!

પાદરીને મનમાં થયું : હું કેટલાય વરસોથી ભગવાનની ભક્તિ કરૂં છું. પણ આ બાળક જેટલો તલ્લીન કદી થઈ શકતો નથી!

આ બાળક કેટલો તલ્લીન થઈ ગયો છે. એ શી પ્રાર્થના કરતો હશે? દેવળની પ્રાર્થના પૂરી થઈ. લોકો ધીમે ધીમે જવા લાગ્યા.

પાદરી પેલા બાળક પાસે ગયા. તેના માથા પર હેતથી હાથ ફેરવતા ફેરવતા વૃદ્ધ પાદરી બોલ્યા : બેટા, દેવળમાં ઊભો ઊભો શું કરતો હતો?

બાળક સહજ ભાવે બોલ્યો ફાધર પ્રાર્થના કરતો હતો. ખ્રિસ્તી લોકો ધર્મગુરુને ફાધર નામે સંબોધે છે. પાદરીએ વહાલભર્યા અવાજે પૂછ્યું, “બેટા, તું પ્રાર્થનામાં ભગવાનને શું કહે છે? તું મને તારી પ્રાર્થના સંભળાવીશ? ” બાળક નિર્દોષ ભાવે કહે, “ફાધર મારી બાએ મને આજે પ્રાર્થના કરવા મોકલ્યો છે. મને હજી પ્રભુની પ્રાર્થના નથી આવડતી એટલે હું આંખો મીંચીને આખી એ, બી, સી, ડી બરોબર ઘણીવાર બોલી ગયો પછી મેં ભગવાનને કહ્યું :

ભગવાન, હું નાનો બાળક છું.

મને તારી પ્રાર્થના નથી આવડતી.

હું આખી એ, બી, સી, ડી તારી આગળ બોલી ગયો છું.
આમાંથી તને ગમે તેવી પ્રાર્થના બનાવી લેજે.

સૌજન્ય : વાર્તાથી વિચાર